# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૭૧. પૂ. કસ્તુરીબેન પટેલ

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. કાંતાબેન |
| પિતાનું નામ | : | પૂ. વશરામભાઈ |
| ભાઈ | : | પૂ. ગોવિંદભાઈ, પૂ. શંકરભાઈ |
| બહેન | : | પૂ. દેવીબેન, પૂ. મંજુબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ ૧૦ |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૦-૦૬-૧૯૬૯ |
| વ્રતધારણ દિન | : | ૧૪-૦૨-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : | ૬૩ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : પ્રથમ પ્રભુ પછી પગલું. ગરજુ થઈ સેવા કરવી.**

પૂ. કસ્તુરીબેનનો જન્મ સત્સંગી કુટુંબમાં કચ્છમાં થયો. પણ ઘરના સંજોગોને લઈને તેઓના આખાં કુટુંબે કલકત્તામાં નિવાસ કર્યો. કસ્તુરીબેનની નાતમાં નાની ઉંમરમાં સગાઈ કરે ને લગ્ન પણ કરી જ દે. સબોબેનના લગ્નમાં કસ્તુરીબેન બોરડીટીંબા આવ્યાં હતાં. લગ્ન પછી પાછાં કલકત્તા જતાં હતાં એટલે સબોબેન તેમને મળવા આવ્યાં. સબોબેનના લગ્ન થયા ને બે કે ત્રણ જ દિવસ

થયા હતા ને તેમને સંસારમાં સુખ ન લાગ્યું તેથી કહ્યું કે, ભગવાન ભજવાનું ક્યાંય સ્થાન હોય તો ભગવાન ભજીએ.

તે વખતે કાનજીકાકા અને ગંગાભાભી જે સબોબેનના ફોઈ થાય અને કસ્તુરીબેનના પણ ફોઈ થાય તેઓ પણ બોરડીટીંબા લગ્નમાં આવ્યાં હતાં એમણે કહ્યું કે, 'વિદ્યાનગરમાં ગુણાતીત જ્યોતમાં ૫૧ બહેનો ભગવાન ભજે છે.' કસ્તુરીબેનના બા કાંતાબેન સબોબેનને લઈને વિદ્યાનગર જ્યોત જોવા આવ્યાં ને ઘરે જઈને કસ્તુરીબેનને પણ કહ્યું કે, 'ખરેખર વિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં બહેનો ભગવાન ભજે છે.' એ દરમ્યાન કંઈક એવા સંજોગો બન્યા કે કસ્તુરીબેનની સગાઈ તૂટી ગઈ ને એમણે પણ મનોમન ભગવાન ભજવાનું નક્કી કરી લીધું ને શંકર ભગવાનના રજીયા સોમવાર કર્યા ને શંકર ભગવાને દર્શન દઈને કહ્યું કે, 'સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે ને તારો જ્યોતમાં નંબર લાગશે.'

કસ્તુરીબેન પહેલી વાર જ્યોતમાં આવ્યાં. ગંગાભાભી જ્યોતમાં હતાં એટલે જ્યોત દરવાજે આવીને કહ્યું કે, 'મારે ગંગાભાભીના ઘરે જવું છે.' પ.પૂ.પપ્પાજીને ઓળખતા ન હતા. પપ્પાજીને ક્યારેય જોયા પણ ન હતા. તેમને પ્રથમ દર્શન પપ્પાજીના થયા. પપ્પાજી પી.કે.ની ચોકડીમાં બેસીને મંદિરમાં બહેનોની થતી સભાના પ્રવચન સ્પીકર દ્વારા સાંભળતા હતા. પૂ. દીદી પણ કંઈક કામ અર્થે ત્યાં જ બેઠાં હતાં. પપ્પાજીએ દીદીને જ્યોત દરવાજે મોકલ્યા ને કહ્યું કે, 'દરવાજે જે બેન ઉભાં છે તેમને કહો કે ગંગાભાભીના ઘરે નથી જવાનું પણ જ્યોતમાં જ રહેવાનું છે.' આમ પહેલી જ વાર જ્યોતમાં આવ્યાં ને જ્યોતમાં રહેવા મળી ગયું.

સાંજે પપ્પાજી પધાર્યા. કસ્તુરીબેન બેઠાં બેઠાં વિચાર કરતાં હતાં કે આ જ જ્યોત છે !!! ત્યાં તો પપ્પાજીએ કહ્યું કે, 'તને શંકર ભગવાને દર્શન દઈને કહ્યું હતું ને કે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે ને જ્યોતમાં તારો નંબર લાગશે. એ આ જ્યોત છે.' કસ્તુરીબેને તો આ વાત પપ્પાજીને કરી જ ન હતી પણ પ્રથમ દિવસે જ પપ્પાજીના અંતર્યામીપણાનો અનુભવ થયો ને કસ્તુરીબેનને અંતરમાં મનાય ગયું કે મારો જ્યોતમાં નંબર છે ને ભગવાન તેના ભક્તોના છે. આમ પ્રથમ વખતે જ કસ્તુરીબેન સાત મહિના જ્યોતમાં રહ્યાં. શોભનાબેન જેવા સ્વરૂપનો

મન, કર્મ, વચને સમાગમ કર્યો. ઘરેથી તેડવા આવ્યા ને તેમને ઘરે જવાનું થયું. તેમને થાય કે મારે શું કામ ઘરે જવાનું ? મારે શું કરવાનું છે ?  ત્યારે અંતર્યામીપણે શોભનાબેને કહ્યું કે, 'ગોપીઓની જેમ ચિત્ત વૃત્તિના નિરોધ માટે ઘરે મોકલું છું. પપ્પાજીને સંભાર્યા કરવાના. સ્મૃતિમાં રહેવાનું. બે મહિનામાં જ્યોતમાં તારો ૬૩મો નંબર હું રાખીશ.' જે કોલ શોભનાબેને આપ્યો હતો તે સાકાર થયો ને બે મહિનામાં તો એમને જ્યોતમાં બોલાવી લીધા.

૧૯૬૯માં ગુરૂહરિ પપ્પાજીએ દ્રષ્ટારૂપે જીવમાં સ્થાન લઇ લીધું. ૧૯૭૦ની ૧૪મી ફેબ્રુઆરીએ કાષાંબરી દીક્ષા આપી ને કેન્દ્રનો ૬૩મો નંબર આપ્યો.

સાધના ખરેખરી હવે શરૂ થઇ. ચારે બાજુથી પ્રસંગો આવે ને અંતરમાં લાગી જાય. એક વખત ખૂબ દુઃખ થયું. અંતર્યામીપણે પપ્પાજીએ કહ્યું, 'કસ્તુરી, તારે ભગવાન થવું છે કે સંત ?' કસ્તુરીબેન કહે, 'સંત.' તો પપ્પાજી કહે, 'એક ભગવાનને જ કંઇ ન થાય.  ઉપજી સમાવે તે સંત કહેવાય.' પ્રભુની સ્મૃતિ કરવી, ભજનો સાંભળવા, પપ્પાજીના પુસ્તકોનો સ્વાધ્યાય કરવો તેને જીવનનો શોખ બનાવી દીધો. પ્રીતિ ને સમજણેયુક્ત સાધના કરી. રસોડું, સફાઇ, મંદિર, શાક વિભાગ, કુલર વિભાગ, પ્રકાશન, મહેમાનોની સેવા વગેરે સેવાઓ બજાવી છે. અત્યારે કોઠારના હેડ તથા મહેમાનોની સેવા કરી રહ્યાં છે. આમ શોભનાબેનના ખભે ખભા મિલાવીને સૌનું જતન કરી રહ્યાં છે. એમની તીવ્ર ભજનની ટેવને લીધે બહેનો માટે ભજન પ્રાર્થના કરી હૂંફ આપી રહ્યાં છે.

એવા કસ્તુરીબેનને સહુ સાધકોના ભાવે પ્રણામ !!!



## ૭૨. પૂ. મીનાબેન દોશી

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. જસુબેન |
| પિતાનું નામ | : | પૂ. જયંતિભાઈ |
| ભાઈ | : | પૂ. મહેન્દ્રભાઈ |
| બહેન | : | પૂ. પ્રફુલ્લાબેન, પૂ. સ્મિતાબેન |
| મૂળ ધર્મ | : | જૈન |
| જ્ઞાતિ | : | વાણિયા |
| અભ્યાસ | : | S.S.C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૩-૦૪-૧૯૭૧ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : | ૬૪ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : માહાત્મ્યેયુક્ત સેવા કર્યા કરવી છે.**

પૂ. મીનાબેનનો જન્મ પરમ એકાંતિક પ.પૂ. જસુબેન અને પૂ. જયંતિભાઈના ઘરે થયો હતો. તેમના માતુશ્રી જસુબેન ગુણાતીત જ્યોતના વરિષ્ઠ સંત છે. જેમના થકી અનેક બહેનો તથા અનેક ગૃહસ્થ કુટુંબો આ માર્ગે આવી એકાંતિક બનવાની સાધના કરી છે. તેમના પિતાશ્રી જયંતિભાઈએ પણ ૧૯૬૬થી પ્રભુકૃપામાં બહેનોની તથા પ.પૂ. પપ્પાજીની સેવા કરી પુણ્યની કમાણી કરી છે. પપ્પાજીના વિશ્વાસુ સેવક બનીને રહ્યા છે. એવા તેમના માતા – પિતાને પણ કોટિ નમન.

આમ મીનાબેનને નાનપણથી જ આ જોગ મળ્યો હતો. તેમને પહેલેથી જગતમાં રસ ન હતો. નાના હતા ત્યારથી સાધુ તો થવું જ હતું જગતમાં તો જવું જ ન હતું. આમ, પહેલેથી જ પપ્પાજીના હતા તેથી એમણે જ દ્રષ્ટિમાં લીધા અને એમણે જ એમના સાંનિધ્યમાં રાખ્યાં. ક્યાંય જવા ન દીધાં. પપ્પાજીએ જ બહેનોનો જોગ આપ્યો. તેથી નક્કી થઇ ગયું કે આજીવન આવી રીતે ભગવાન ભજવા છે. તેમાં કંઇ અનુભવની જરૂર નથી. તેઓ પૂર્વના હતા તેથી તેમને આ વાત મનાઇ જ ગઇ.

મીનાબેન ઘરે હતાં ત્યારે જસુબેન સાથે તારદેવ જાય ત્યારે તેઓ સ્કૂલમાં ભણતાં હતાં. એક દિવસ જસુબેને પપ્પાજીને કહ્યું કે, ‘મીના ભણવામાં બહુ કાચી છે અને તેને બહુ ઓછું આવડે છે.’ તો પપ્પાજીએ કહ્યું કે, ‘ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે એ તો પૂર્વે કરીને આવી છે એટલે આલોકની વિદ્યા નહીં ભણે.’ તેથી તેમને વધુ શ્રધ્ધા બેસી ગઇ કે મારે તો હવે જગતમાં જવું જ નથી. જસુબેન રોજ તારદેવ જાય, કોઇ બીમાર હોય તો ટીફીન આપવા જાય ત્યારે મીનાબેને ત્રણેય ભાઇ બહેનને સાચવ્યા ને જસુબેનની પ્રસન્નતા લીધી તો અહીં આવ્યાં.

તેમને તો સૌની સેવા કરવી હતી ને કહે તેમ કરવું હતું તેથી સ્વભાવ પ્રકૃતિ મૂકવા જેવું કંઇ લાગ્યું જ નથી કે તેને માટે કોઇના આશીર્વાદ લેવા પડે તેવું પણ તેમના જીવનમાં બન્યું નથી. ૧૯૭૦ની ૧લી જૂને તેમને કાષાંબરી દીક્ષા મળી ને ૧૯૭૧માં ગુરૂહરિ પપ્પાજીએ આત્મામાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. ને મીનાબેને વિશ્ર્વાસના અંગે સાધના કરી.

જ્યોતમાં આવીને જે ટુકડીમાં મૂક્યા ત્યાં સેવામાં જાય. ખૂબ ચીવટાઇ, ચોક્સાઇથી સેવા કરે. સેવામાં કોઇ પસંદગી જ નહીં તેથી સૌની પ્રસન્નતાના પાત્ર બન્યાં. એ વખતે જ્યોતમાં ભણનારી બહેનો પણ રહેતાં હતાં તેઓને પણ પોતાના સમયે એટલે કે રાત જાગીને ચિત્ર ન આવડે તો ચિત્ર દોરી આપે, સિલાઇ કામ કરી આપે, હોમસાયન્સમાં ભણનારી બહેનોને તો ભરતગૂંથણ કરવાનું હોય તે કરી આપે, તેઓના કપડાં ધોઇ દે. આમ, જે બેનનું જે કામ બાકી હોય તે કરી આપે, સાથે – સાથે લોન્ડ્રીની ટુકડી, મંદિરની ટુકડી, સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ મદદરૂપ થાય.

મીનાબેનને બીમારી પણ પપ્પાજીએ પ્રસાદરૂપે આપી છે તેમાં પણ ફરિયાદ વગર પ્રભુને કર્તાહર્તા માની બાજી જીતી ગયાં. એક વખત તેમને કમળામાંથી કમળી થઇ ગઇ એટલે વડોદરા હોસ્પિટલમાં રાખ્યાં ત્યારે ૨૫મી ડિસેમ્બર હતી તો બધા ક્રિશ્ચન નર્સ બહેનો તેમને વિશ કરવા આવ્યા ને કહે, તમે બહુ લકી છો ને ખરેખર મીનાબેન લકી કે આવા રોગમાંથી પણ પપ્પાજીએ તેમને જીવતદાન આપ્યું.

૩૪ વર્ષની વયે એટલે કે ૧૯૮૭થી સુરત સેન્ટર પર તેમની પસંદગી પપ્પાજીએ કરી. સેવાથી જ તેઓ પ્રગતિને પામ્યા છે તો અત્યારે સુરત મંડળ પાસે પણ જ્યોતમાં સમૈયાની સેવા, જ્યોતની સેવા આવે તે કરાવે છે. હરિભક્તોમાં પણ એવું સિંચન કર્યું છે કે હરિભક્તો પણ નાની મોટી સેવા માંગતા હોય છે. પપ્પાજીએ ચંદની પડવો ઉજવવાની શરૂઆત કરી ત્યારથી દર વર્ષે હરિભક્તો સાથે તેઓ પણ ઘારી બનાવવાની સેવા કરે ને જ્યોતનાં બહેનોને જમાડે. ઉપરાંત સમૈયામાં રસોડાની સેવા, શાકભાજીની સેવા, નાસ્તાની સેવા, અન્નકૂટની સેવા તથા જ્યાં સેવાની જરૂર હોય ત્યાં પોતે પણ જાય ને હરિભક્તો પાસે પણ કરાવે. મીનાબેન એવું માને છે કે સૌ આગળ જાય ને પ્રારબ્ધ ધોવાય એટલે સેવા કરાવ્યા જ કરે છે ને હરિભક્તો તન, મન, ધન, આત્માથી સુખી થાય છે. દર વર્ષે ૧૪મી જાન્યુઆરી એટલે કે ઉત્તરાયણ ને તે પછીના બીજા બે દિવસ બહેનોને ફ્રી રાખી ને ભાભીઓ પાસે સેવા કરાવે. આમ, જસુબેનને નિશ્ચિંત કર્યા છે. છતાં પણ હરિભક્તોમાં જસુબેનનું જ માહાત્મ્ય તેમણે ગાયું છે. પોતે તો દાસના દાસ થઇ ને રહે છે. પપ્પાજીએ કહ્યું છે કે,'જ્યોતની બહેનોની સેવા કરી મૂર્તિ લૂંટતા શીખી જવું.' આ સૂત્રને પોતે જીવનમાં અપનાવ્યું ને હરિભક્તોના જીવનમાં પણ આપ્યું.

તેમણે જીવનમાં એવી જ ભાવના રાખી છે કે પ્રભુની મરજી વિનાની મારી એક પળ પણ ન જાય અને સૌ સ્વરૂપોની પ્રસન્નતાના પાત્ર બનીને રહેવાય. એવા મિત્તભાષી સેવાના સ્વરૂપ મીનાબેનને અમ સહુ સાધકોના કોટિ કોટિ પ્રણામ !!!